# પ્રસ્તાવના

## સંબંધોથી સુગંધિત પૂરણપોળી

'પૂરણપોળી'નાં લેખિકા રેણુકાબહેન દવેએ લખવાની શરૂઆત ચિંતન લેખો અને કાવ્યોથી કરી હતી. એમનાં કાવ્યો ગુજરાતનાં ઘણાં સામયિકોમાં પ્રકાશિત થતાં રહેતાં હતાં. સાથે સાથે સોળ વર્ષ સુધી એમણે 'તથાગત' નામનું સામયિક પણ સફળતાપૂર્વક ચલાવ્યું. હવે તો કાવ્યલેખન માટેની મોટી સ્પર્ધાઓ જીતતાં જીતતાં તેઓ વાર્તાઓ પણ લખે છે અને એ અવારનવાર જુદાં જુદાં ગુજરાતી સામયિકોમાં પ્રકાશિત પણ થાય છે. આ સંગ્રહમાં સમાવિષ્ટ થયેલી એમની બધી જ વાર્તાઓ 'મમતા', 'અખંડ આનંદ', 'નવનીત સમર્પણ', 'કુમાર', 'વિશ્વા' વગેરે સામયિકોમાં પ્રકાશિત થઈ ગઈ છે.

સંગ્રહને જેના ઉપરથી નામ આપવામાં આવ્યું છે એ 'પૂરણપોળી' વાર્તાને કેતન મુનશી જેવી નામાંકિત વાર્તાસ્પર્ધામાં પ્રથમ પારિતોષિક મળેલું છે. સંજીવભાઈ અને નંદિતાબહેનના સંઘર્ષમય છતાં મધુર દામ્પત્યની વાત આમાં પૂરણપોળીના માધ્યમથી કહેવાઈ છે. કથાનક વાંચીને લાગે કે ભારતીય સમાજના કોઈ પણ મધ્યમ વર્ગના કુટુંબની, કોઈ પણ સમયની આ વાત હોઈ શકે. તેને લીધે ઘણા બધા ભાવકો, ખાસ કરીને ગૃહિણીઓ એની સાથે તાદાત્મ્ય સાધી શકે. એ રીતે આ વાર્તા માત્ર બે વ્યક્તિઓની વાર્તા ન રહેતાં સમાજની વાત બની જાય છે.

'છેલ્લી મુલાકાત'માં રાજેન્દ્રને પ્રેમ કરતી અને એની સાથે લગ્ન કરવાનાં સપનાં જોતી માધવી પાંચ વર્ષ સુધી એની રાહ જોઈને છેલ્લે અજયને પરણી જાય છે. પ્રેમીને યાદ કરતી કરતી એ નવા ઘરમાં, જુદા માણસો સાથે ગોઠવાઈને આદર્શ ગૃહિણી બની રહે છે. અંત તરફ જતાં એવો ઉલ્લેખ આવે છે કે એને હાર્ટઅટૅક આવ્યો છે. પછી લેખિકા એક આંચકો આપનારા અંત તરફ લઈ જાય છે જે આરંભ સાથે જોડાઈને વાર્તાને રસપ્રદ બનાવે છે.

પતિને ગુમાવ્યા પછી ઉંમરલાયક થયેલી, નોકરી કરતી પુત્રીનાં લગ્ન ન થવા દેવા માગતી માતાની માનસિકતાની વાર્તા છે 'કંકુ ચોખા'. આવી કંઈક અંશે સ્વાર્થી બની જતી માતાઓ સમાજમાં ઘણી જગ્યાએ જોવા મળે છે. પરિસ્થિતિ

સમજી ગયેલી પુત્રી રેશમા પોતે જ બહેનપણીઓની મદદથી આ સમસ્યાનો ઉકેલ કેવી રીતે લાવે છે એ ગંભીર વાતને હળવાશથી રજૂ કરતી વાર્તામાં લાગણીના સંબંધોની આંટી-ઘૂંટી સરળ ભાષામાં વ્યક્ત કરવામાં આવી છે. પુત્રી માતાને ઓળખે પણ છે, પ્રેમ પણ છે જ. એટલે એની આખી યોજનામાં માતાને દુઃખ ન પહોંચે એનો પણ એણે ખ્યાલ રાખ્યો જ છે. 'ઘર વર્ષોથી પથરાઈ ગયેલી ઘટ્ટ ઉદાસીને શ્વસે છે' જેવાં વાક્યો એક પરિવેશ ઊભો કરવાની સાથે થોડામાં ઘણું કહી જાય છે.

'રહેઠાણ'માં વિધુર બાપુજીને બે પુત્રો અને એક પુત્રી છે. બાપુજી ગામડે જેની સાથે રહે છે એ પુત્ર રાજુની પત્ની રમીલા કર્કશા છે. એ બાપુજીને સારી રીતે રાખતી નથી અને વારસો મેળવવાના મોહમાં એમને બીજા કોઈ સાથે રહેવા પણ જવા દેતી નથી. દરકાર રાખવાવાળાં ત્રણ-ત્રણ સંતાનો હોવા છતાં અંતમાં બાપુજી એક નવું કેવું રહેઠાણ શોધી લે છે એની વાત કહેતી આ એક સામાજિક વાર્તા છે અને વર્તમાન સમાજના અનેક વૃદ્ધોની સમસ્યાઓનું પ્રતિબિંબ બની રહે છે. વાર્તામાં પાત્રો યોગ્ય તળપદી બોલીનો ઉપયોગ કરે છે.

'રિયુનિયન'માં પોતાના થોડાક અહંને વળ ચડાવીને પ્રિય પાત્રને પરણવાની તક ગુમાવી બેઠેલી અંજના હવે તો મોટી ઉંમરની થઈ ગઈ છે. કૉલેજમાં રિયુનિયન થાય છે ત્યારે એને સતત એ જૂના પ્રેમી પ્રોફેસર યાદ આવ્યા કરે છે અને પસ્તાવાની લાગણી એકલતાને ઘેરી વળે છે. અપેક્ષિત અંત હોવા છતાં વાર્તા રસપ્રદ તો બની જ રહે છે.

અકાળે પતિને ગુમાવ્યા પછી ભાઈ-ભાભીની સાથે રહેતી શ્વેતાનું મન નવી નોકરીમાં જલદી લાગતું નથી, પણ ભત્રીજી રમ્યાની સાથે સાથે એ પણ કેવી રીતે ધીરે ધીરે ખીલતી જાય છે અને રમ્યાની બાળસહજ પ્રવૃત્તિઓ એના જીવનમાં કેવી રીતે પરિવર્તન લાવે છે એ દર્શાવતી વાર્તા 'પગલીમાં પગલું'નું શીર્ષક એકદમ સૂચક બની રહે છે. આ સુંદર શીર્ષક વાર્તાના મુખ્ય વિચારને વ્યંજનાપૂર્વક વ્યક્ત કરે છે. વાર્તામાં જે તે સ્થિતિમાં મુકાયેલી સ્ત્રીની મનઃસ્થિતિનું વર્ણન આબેહૂબ કરવામાં આવ્યું છે.

'શુભ સંધ્યા' એ સાંપ્રત સમાજની વાર્તા છે. નાની દીકરીને સંભાળવાની જવાબદારી ઉપાડવા માટે સાસુને પોતાને ઘેર લઈ આવેલી પત્રકાર મેધાવી

એમને હંમેશ માટે પોતાની સાથે રાખવા નથી માગતી, પણ પત્રકાર તરીકે એક વૃદ્ધાશ્રમની મુલાકાત લેતી વખતે એને ત્યાં રહેતાં વૃદ્ધોની વિષમ પરિસ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ થાય છે અને એ પોતાનો નિર્ણય બદલી નાખે છે. 'શુભ સંધ્યા' એ આધુનિક વિચારોની અંદર સંવેદના સાચવીને બેઠેલી એક સ્ત્રીને સરળ શૈલીમાં રજૂ કરે છે.

પોતાની લગભગ બધી વાર્તાઓમાં અલગ અલગ પરિસ્થિતિ સામે ઝઝૂમતી સ્ત્રીઓની વાત કહેનાર રેણુકાબહેન 'હૅપી મૅરેજ ઍનિવર્સરી'માં પત્ની કરતાં બધી રીતે ચડિયાતો છે એવું માનતા એક પતિની માનસિકતા રજૂ કરે છે. સરસ શૈલીમાં, પ્રથમ પુરુષમાં લખાયેલી આ વાર્તામાં પુરુષપ્રધાન માનસિકતાવાળો નાયક પોતાના અહંને પોષવા માટે પત્નીને ઊતરતી સમજીને એની અવલેહના કર્યા કરે છે, પણ એમની પચીસમી મૅરેજ ઍનિવર્સરીના દિવસે એના હૃદય ઉપર એવો ઠંડો તમાચો પડે છે કે એની ગરમીથી એનો બધો અહં વરાળ થઈને ઊડી જાય છે. એના માનસમાં યુદ્ધ સર્જાય છે. લેખિકાએ એ બહુ સરસ શબ્દોમાં વ્યક્ત કર્યું છે :

'તેના એક એક શબ્દ અત્યંત ઋજુતાથી મારી મનોભૂમિ પર જમા થયેલો વર્ષો જૂનો કચરો ઉલેચતા રહ્યા. તેના અવાજમાં રહેલો આત્મવિશ્વાસ મારા સમગ્ર માનસના એક એક કણમાં ભળી બેઠેલી મારી પુરુષવાદી-અહંવાદી માનસિકતાને શોષતો રહ્યો. તેના સમગ્ર વ્યક્તિત્વમાં નીતરી રહેલી નારીસહજ કોમળતા મારા સ્વભાવમાં ઠેકઠેકાણે ઊગી નીકળેલા તીક્ષ્ણ કાંટાઓને સાવ સહજતાથી ઓગાળતા રહ્યા.'

'કબાટ' એ આનંદના વાતાવરણવાળા પરિવારની સરળ, સુખદ વાર્તા છે તો 'છાબડીનાં ફૂલો' એ પૈસા કરતાં પ્રેમ માણસને વધારે તાજગી અને સુખ આપે છે એવું કહેવા મથતી, બે પરિવારની સરખામણી કરતી વાર્તા છે. 'લોકેશન' એક સુખદ અંતવાળી વાર્તા છે, જેમાં પોતાનાં પ્રથમ લગ્નમાં છેતરાયેલા યુવક અને યુવતી એકબીજાને જીવનસાથી બનાવવાનું નક્કી કરે છે. અપેક્ષિત અંતવાળી આ વાર્તામાં લગ્નમાં અલગ અલગ રીતે થતી છેતરામણીના પ્રસંગો પણ આવરી લેવાયા છે. એ રીતે એક સાંપ્રત સમસ્યા પર ધ્યાન દોરતી આ વાર્તા મુખ્યત્વે સંવાદોના માધ્યમથી આગળ વધે છે અને રસપ્રદ લાગે છે.

# અનુક્રમણિકા


1. પૂરણપોળી ---------------------------1
2. છેલ્લી મુલાકાત ---------------------- 9
3. કંકુ ચોખા --------------------------19
4. રહેઠાણ---------------------------33
5. રિ-યુનિયન ------------------------- 42
6. પગલીમાં પગલું ---------------------- 49
7. શુભ સંધ્યા------------------------ 56
8. હૅપી મૅરેજ ઍનિવર્સરી! ---------------- 65
9. કબાટ --------------------------- 73
10. છાબડીનાં ફૂલો ---------------------81
11. લોકેશન-------------------------- 89
12. અનુસંધાન ------------------------ 98
13. સ્વીટી--------------------------106
14. સ્નેહભીનાં ------------------------114
15. દિશા --------------------------121
16. હૅપીવાલા બર્થડે! --------------------126
17. એક ઘર... સપનાનું ------------------135
18. અધૂરું ચિત્ર-----------------------141
19. અજવાળું -----------------------146
20. ખાલીપો------------------------150
21. ચંપલ --------------------------160